આદર્શ નિવાસી શાળા (કન્યા) લીમખેડા, જિ.દાહોદ ખાતે લેબોરેટરીના ૩ (ત્રણ) ઓરડા તથા છાત્રાઓના રહેઠાણ માટે ૪ (ચાર) ઓરડાના બાંધકામની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૧૩/ન.બા.૨૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.30/07/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૨૧/૧૧/૨૦૧૩નો પત્ર નં:- ટીડી/અનશ/ફા.ન.૧૨૭૮/૨૦૧૩-૧૪/ ૩૧૦૪ થી ૦૭.

ઠરાવ:-

રાજ્ય સરકારની હાલની શિક્ષણ નીતિને ધ્યાને લઇને આદિજાતિ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ વધી ગયેલ છે. જેના લીધે આ વિસ્તારમાં આવેલ આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો વધારો થયેલ છે. આદર્શ નિવાસી શાળા, લીમખેડા, જિ.દાહોદ ખાતે વર્ષ ૨૦૧૩-૧૪થી આદિજાતિની કન્યાઓ માટેના ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની મંજૂરી મળેલ છે અને ચાલુ વર્ષે ધોરણ-૧૨ના ક્રમિક વર્ગ વિકાસ મંજૂર કરવાનો થાય છે. આમ, ધોરણ-૧૧ અને ૧૨ના છાત્રાઓના છાત્રનિવાસ ઉપલબ્ધ કરાવવા તેમજ વિજ્ઞાન પ્રવાહના ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીના વિષયના પ્રાયોગિક અભ્યાસ કાર્ય માટે અલગ લેબોરેટરીની વ્યવસ્થા ઉપલબ્ધ ન હોય ત્રણ લેબોરેટરી રૂમના બાંધકામ કરવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના કમિશનરશ્રી (આ.વિ.) ના પત્રથી વર્ષ ૨૦૧૪-૧૫માં આદર્શ નિવાસી શાળા (કન્યા) લીમખેડા, જિ.દાહોદ ખાતે લેબોરેટરીના ૩ (ત્રણ) ઓરડા તથા છાત્રાઓના રહેઠાણ માટે ૪ (ચાર) ઓરડાના બાંધકામ માટે રૂ.૧૫૨.૦૦ લાખની નવી બાબતનો સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા (કન્યા) લીમખેડા, જિ.દાહોદ ખાતે લેબોરેટરીના ૩ (ત્રણ) ઓરડા તથા છાત્રાઓના રહેઠાણ માટે ૪ (ચાર) ઓરડાના બાંધકામ માટે રૂ.૧૫૨.૦૦ લાખની નવી બાબતનો નીચેની શરતોને આધીન સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ દરખાસ્તનો પ્લાન સિલીંગ મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧) રેલવે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યક્તા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્ક ઓર્ડર આપતા પહેલા જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો મંજૂરી લેવાની રહેશે.

(૧૪) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિવાસી વિસ્તાર પેટા યોજના, પેટા સદર – ૪૮ બીસીકે – ૧૭૭ આદર્શ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૧૨/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.